# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/281 Dt. 06/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત 'કર્મનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો

## જેણે મગજ વાપર્યા તેણે ભૌતિક લાભ થયા હશે પણ આધ્યાત્મિક રીતે મોટી ખોટ ખાદી હશે : લેખક, કવિ, કલાકાર, ફિલોસોફર અને દાતા પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત સોમવાર, તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'કર્મનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં હ્યુમરિસ્ટ, લેખક, કવિ, કલાકાર, ફિલોસોફર અને દાતા પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદીએ જીવનના વિવિધ પાસાઓને ગણિતની દ્રષ્ટિએ વિસ્તૃતપણે સમજાવ્યો હતો.

ડો. જગદિશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વ્યવસાયમાં મગજને પ્રાધાન્ય આપીને જીવો એટલે ભાગીદારને છેતરી શકો પણ હૃદયને પ્રાધાન્ય આપીને જીવો તો તમે જિંદગીમાં ખોટું નહીં કરી શકો. તેમણે કહયું કે, જ્યારે મગજ બંધ થાય ત્યારે જ તમે હૃદયથી વિચારી શકો છો અને નિર્ણય લઇ શકો છો. જેણે મગજ વાપર્યા તેણે ભૌતિક લાભ થયા હશે પણ આધ્યાત્મિક રીતે મોટી ખોટ ખાદી હશે.

તેમણે જણાવ્યું હતું કે, અત્યારે સૌને બોલવું છે. કોઇનું પદ બોલે છે તો કોઇને પૈસો બોલે છે. કોઇની પ્રસિદ્ધિ બોલે છે તો કોઇનો મસલ પાવર બોલે છે, પરંતુ જીવનના અંતે તો કેવળને કેવળ વ્યકિતના કર્મ જ બોલે છે. વ્યકિત જેવા કર્મ કરે એવું તેને ફળ મળે છે. કુદરતના નિયમ ઉપર એટલે કે કર્મના સિદ્ધાંત ઉપર કયારેય શંકા કરવી જોઇએ નહીં. જો સજા મળે તો સમજવું કે જીવનમાં કોઇ ગુનો જરૂર કર્યો હશે.

ડો. ત્રિવેદીએ વધુમાં કહયું કે, સ્વર્ગમાં કેવળ કર્મનું જ ફાસ્ટેગ ચાલે છે. તમે બાજરો વાવો અને ઘઊં ઉગે એ શકય નથી. એવી રીતે તમે જેવા કર્મ કરો એવું જ ફળ તમને મળે છે. જે વ્યકિત મગજને પ્રાધાન્ય આપે છે એ ગણતરી કરે છે, પરંતુ જે હૃદયને પ્રાધાન્ય આપે છે એ હિસાબ કરતો નથી, પરંતુ સૌને બેહિસાબ પ્રેમ, મદદ અને સેવા કરે છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ વકતાશ્રીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને કાર્યક્રમ અઘ્યક્ષ શ્રી રૂપીન પચ્ચીગરે કાર્યક્રમનું સમગ્ર સંચાલન કર્યું હતું.